

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

કાપ્યા કર્મીઓના પગાર, ત્યારે 'પેકેજ' ક્યાં હતું ?
અટકાવ્યાં પેન્શન પણ, ત્યારે પેકેજ ક્યાં હતું ?
જરૂર હતી વિકાસમાં, ત્યારે પેકેજ ક્યાં હતું ?
ડચકે હતું અર્થતંત્ર - ત્યારે પેકેજ ક્યાં હતું ?
(હવે સરકારશ્રીએ લાખો-કરોડોનું 'ચરુ' હાથ લાગ્યો?)

હાઈકુ

શ્રમિકો ગયા...
લ્યો ! લઈ જાવ લોન -
ને બાંધો ઘર...

મરી ગ્યા ઘોડા
ભૂખ્યા, તબેલામાં જ
ઘો હવે ચણા !

### ચિંતન

મૌનાન્મૂક: પ્રવચનપટુ: વાતુલો તલ્પકો વા,
ધૃષ્ટ: પાર્શ્વે વસતિ ચ તદા, દૂરતશ્ચાપ્રગલ્ભ: ।
ક્ષાન્ત્યા ભીરુર્યદિ ન સહતે પ્રાયશો નાભિજાત:,
સેવાધર્મ: પરમગહનો, યોગિનામપ્યગમ્ય: ॥

ઉપરોક્ત શ્લોક 'નીતિશતક'માંથી લેવામાં આવેલ છે.

સેવક જો મૌન રહે તો એને મૂંગો, વાત કરવા માં ચતુર હોય તો વાચડો અથવા બકબક કરનારો, નજીક રહે તો ધૃષ્ટ, છેટો રહે તો ડરપોક, ક્ષમાશીલ હોય તો ભીરું અને અસહનશીલ તો દુષ્કુલીન કહેવાય છે. આમ સેવારૂપી ધર્મ અત્યંત કઠણ છે, ભલભલા યોગીઓ પણ તેને સમજી શકતાં નથી.

રામચરિતમાં તુલસીદાસજી એ ભરતજીના મુખે કહ્યું છે કે સેવા ધર્મ અત્યંત કઠિન છે. સેવકે મધ્યમ માર્ગી અને વિનમ્ર થઈ વિવેકપૂર્ણ વર્તન કરવું જોઈએ.

### સુવિચાર

- આદમી પરખને કી એક યે ભી નિશાની હૈ... ગૂફ્તગુ બતાતી હૈ કોન ખાનદાની હૈ - **સલીમ પટેલ**
- ઘણા ઘા એવા હોય છે કે 'તમને વાગ્યું છે' એમ કોઈ કહે નહીં ત્યાં સુધી દુ:ખે પણ નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણે પડછાયો કોઈકનો છાંયડો ચોક્કસ બને છે, પણ કોઈકના છાંયડામાં આપણો પડછાયો અદૃશ્ય થઈ જાય છે - **અમૃતબિંદુ**
- જો તમારી વાણી કે કર્મ એક શાંત અને સ્વચ્છ હૃદયથી નીકળ્યા હશે તો આનંદ એક પડછાયાની જેમ તમને સતત વળગીને રહેશે - **ધમ્મપદ**
- સુખી તે જ જેની પાસે કોઈ ચાવી ન હોય - **નાનાભાઈ ભટ્ટ**
- જળથી વરાળ થઈ પછી વાદળ બનાય છે, મારામાંથી શું થયા પથી માણસ બનાય છે? - **ગૌરાંગ ઠાકર**
- આજનું ઔષધ : હળદર, રાખ અને ચૂનો ભેગો કરી લેપ લગાડવાથી ગૂમડું ફૂટી જશે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક યુવાનને સ્વપ્ન આવ્યું. તેને થયું કે હું નગરનો રાજા છું. રાતના સ્વપ્ન પ્રમાણે એણે ઉઠીને રાજા જેવું વર્તન શરું કર્યું. તેના પિતાએ કહ્યું, 'તારો શેઠ રાહ જોતો હશે કામ કરવા જા' માતાએ કહ્યું, 'આવતી વખતે વૈદ્યરાજ પાસેથી મારી દેવા લેતા આવજે.' પત્નીએ કહ્યું, 'આવતી વખતે લીલું શાકભાજી લેતા આવજો.' પરંતુ યુવાન તો પોતાને રાજા સમજતો હતો. એણે દલીલ કરતાં કહ્યું, 'અરે, હું તો રાજા છું, રાજા તો હુકમો કરે આવા કામ થોડા કરે !!' ઘરવાળા પરેશાન થઈ ગયાં. યુવાન કોઈનું માનવા તૈયાર ન હતો. તે યુવાનની નાની બહેને એક યુક્તિ કરી. તેણે વેળાસર જમવાનું બનાવી સૌને જમાડી દીધા. પેલા યુવાન માટે જમવાનું બાકી રાખ્યું જ નહીં. યુવાનને ભૂખ લાગી. તેણે બૂમો પાડી. 'મારો ભોજનથાળ ક્યાં છે?' નાની બહેને કહ્યું, 'રાજન, ! અમે તો લુખ્ખુસુક્કું ભોજન કર્યું. આપને તો છપ્પનભોગ જોઈશે !! સ્વર્ગની પરીઓ આપને ભોજન જમાડશે!!' યુવાનની સાન ઠેકાણે આવી ગઈ. વ્યર્થ કલ્પનાઓમાં વિચરણ કરનાર દુ:ખી થાય છે.

# સોનિયાનો વિપક્ષી એકતાનો કસમયનો પ્રયાસ

**તંત્રીસ્થાનેથી...**

બંગાળ-ઓડિશામાં અમ્ફાન અને દેશ આખામાં કોરોનાનાં વાવાઝોડાં વચ્ચે વિપક્ષોને શાસક પક્ષ બલકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિરુદ્ધ એક મંચ પર આણવાનો વિચાર જ કસમયનો ગમાય. કોંગ્રેસ પાસે સોનિયા-રાહુલ-પ્રિયંકાની પારિવારિક ત્રિપુટી સિવાય કોઈ પ્રભાવક નેતૃત્વ નથી. મનમોહનસિંહ શ્રેષ્ઠ અર્થશાસ્ત્રી હોઈ શકે પણ એમની પાસે રાષ્ટ્રીય નેતૃત્વની પ્રતિભા નથી. પ્રણવ મુખર્જીને ખુદ પાર્ટીએ જ રાષ્ટ્રપતિ બનાવી દઈ નિષ્પક્ષ બનાવી દીધા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રના સર્વોચ્ચ સમ્માન 'ભારતરત્ન'થી નવાજી કોંગ્રેસ પાસેથી ખૂંચવી લીધા છે. મોદી સામે એમની રાજકીય કારકિર્દીનો આ સૌથી મુશ્કેલ તબક્કો છે. પરંતુ તેઓ પાર્ટીની અંદર રહી અવારનવાર એમની કાર્યશૈલી કે નિર્ણયો સામે બળાપો કાઢતા રહેતા નીતીન ગડકરી જેવા નેતાઓને કદ મુજબ વેતરી શક્યા છે. સંઘના વડા મોદીના દરેક નિર્ણય પર મંજૂરીની મહોર મારતા રહે છે. વિશ્વ હિન્દુ પરિષદ ફક્ત કાગળ ઉપર જીવે છે. એના આંતરરાષ્ટ્રીય નેતા તરીકે ઓળખાવા લાગેલા ડૉ. પ્રવીણ તોગડિયા એ અકળ કારણોસર પદ છોડવું પડ્યું છે અને આજકાલ મોડે માસ્ક બલકે જલારામ તાળું લગાવીને સમાધિમાં સરી ગયા છે. મોદી પાર્ટી, સંઘ કે સરકાર - ત્રણે સ્તરે સર્વોપરિ વિભૂતિ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યા છે. સોનિયા ગાંધી વજૂદ ગુમાવી ચૂકેલાં નેતા છે. કોંગ્રેસની પડતી દશામાં નહેરુ-ગાંધી પરિવારનાં વરિષ્ઠ મહિલા તરીકે એમને દેશભરમાં કોંગ્રેસી કાર્યકરોને નતમસ્તક થઈ સુકાન સોંપ્યું ત્યારની અને આજની પરિસ્થિતિ વચ્ચે આસમાન જમીનનું અંતર છે. અત્યારે મોદીયુગમાં સાવ ફોફરાઈ ગયેલા ચહેરાવાળાં, જાતે નિવૃત્ત થઈ ગયા પછી પુત્રના વિકલ્પે ફરી ચિત્રમાં આવેલા વિદેશી કુળનાં મહિલાને લોકો ગંભીરતાપૂર્વક લે એ વાતમાં મોલ નથી.એમણે મોદી વિરુદ્ધ મોરચો માંડવાની હિંમત દાખવી એટલું પૂરતું છે. વિપક્ષોએ ઉફરા મને હાજરી પુરાવી છે. માયાવતી, અખિલેશ યાદવ અને કેજરીવાલને એમના નેતૃત્વ હેઠળની વિપક્ષી એકતાની ફોર્મ્યુલા મંજૂર નથી. આખરે સોનિયા ગાંધીનો તો એક મુદ્દાનો કાર્યક્રમ એમના રાજકુંવરના પુન:સ્થાપનનો જ છે. તેઓ આગામી લોકસભાની ચૂંટણી સુધીમાં રાહુલ ગાંધીને પ્રગલ્ભ રાષ્ટ્રી નેતા તરીકે પ્રસ્થાપિત કરી પોતાની હયાતીમાં જ વડાપ્રધાન બનતા જોવા માગે છે. ભારતની પ્રજાને એ હજી ઓળખી જ નથી શક્યા. હવે મતદાતાઓને જમીન સાથે જોડાયેલાં નેતૃત્વમાં જ રસ છે - રાજવંશમાં નહીં. એટલે કદાચ મમતા બેનરજી કે અખિલેશ યાદવ કે કેજરીવાલ જેવા કોઈ જનનેતાને આગળ ધરી કોંગ્રેસ પડદા પાછળ રહેવા તૈયાર થાય તો જ થોડીઘણી પણ ટક્કર વર્તમાન સત્તાધીશોને આપી શકાશે. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ઈકોનોમીથી લઈ લોકડાઉનના લાભાલાભ કે શ્રમિકો - ખેડૂતોની જે ચિંતા કરે છે એ તો થિયરી છે. મોદીને પણ એ બધાની ચિંતા હોય જ : પ્રેક્ટિકલી કેટલું શક્ય બની શકે, તેનો મોદીની સલાહકાર ટીમ સતત અભ્યાસ કરતી જ હશે. દરમિયાન મોદીએ એમનાં સૌથી બોલકાં ટીકાકાર મમતા બેનરજીનું નિમંત્રણ સ્વીકારી બંગાળ માટે રાહત પૅકેજ જાહેર કરી એમની વિશ્વસનીયતાનો જ પરિચય આપ્યો છે.

# જે ભણે, કરે તે શ્રેષ્ઠ અને બેસ્ટ જ હોય...!



**આરપાર**

રાઘવજી માધડ

શેરીમાં,થોડું અંતર જાળવીને એક સ્ત્રી,બીજી સ્ત્રીને તેનાં પાલ્યના પરિણામની પ્રશંસા કરી રહી હતી. ત્યાં જવાબમાં જણાવ્યું:'હા,મારીબેન ઈશ્વરે લાજ રાખી,પરિણામ ખરાબ આવ્યું હોતતો સમાજમાં મોં બતા વત!' આ દરમ્યાન ત્રીજા બહેન પસાર થયાં ને મોં સંઘરતા આગળ નીકળી ગયાં.તેમની પુત્રીનું પરિણામ, તેમની અપેક્ષા ઓછું આવ્યું છે એટલે હીનભાવ સાથે કોઈને મળવાનું ટાળતાં અને મનને વળતાં હતાં.

આજકાલ પરિણામોના પ્રતાપે ખુશીતો ક્યાંક ગમનું વાતાવરણ પ્રસરી રહ્યું છે.એકબાજુ ઊંચું મેરીટ લાવનારાં તેજસ્વી તારલાઓનાં રૂપાળા શીર્ષક હેઠળ જયજયકાર થઈ રહ્યો છે ને ક્યાંક ઓછા મેરીટનાં લીધે મોં બતાવવા લાયક રહ્યું નથી એવું સાવ ખોટું સમજાય રહ્યું છે...આવું થવું,કરવું એ શિક્ષણ નહી, આપણી નબળી નીપજ છે.શિક્ષણનું કામ છે માણસમાં રહેલા ચેતન તત્વને બહાર લાવવું.સ્વામી વિવેકાનંદે કહ્યું છે:'માનવીમાં રહેલી પૂર્ણતાનું પ્રકટીકરણ કરવાનું કામ શિક્ષણનું છે.' પણ હાલતો જીવન માટે પરીક્ષા છે કે પરીક્ષા માટે જીવન..સમજવું અઘરું થઈ ગયું છે. અને આ જિંદગીતો ડગલે ને પગલે પરીક્ષા લે છે !

જિંદગીમાં શિક્ષણ અનિવાર્ય છે.પણ શું ભણવું,ભણાવવું તેવું બહુ ઓછા જાણે છે.ઓફિસમાં ક્લાર્ક તરીકે,ફિક્સ વેતનમાં જોડાનારી યુવતીને પૂછ્યું તો , કહે :આઈટી એન્જિનીયર છું..તેઓ બીજી કહે:એમ ફામ..! જો ક્લાર્ક જ થવું હતું તો...ધોરણ બાર પછી,અનુકૂળ પ્રવાહમાં અભ્યાસ સાથે,સ્પર્ધાત્મક પરીક્ષાની ચોક્કસ સૂઝ-સમજથી તૈયારી કરેતો ત્રણ વરસે ગ્રેજ્યુએટ થઈ, ક્લાર્ક જ નહી,અધિકારીકક્ષાની પરીક્ષા પાસ કરવા સક્ષમ થઈ જાય.પણ અમુકતો,દિશા વિહીન દશામાં ભટકતું યંગસ્ટર્સ તરસ લાગે ત્યારે કૂવો ખોદવા બેસે છે...અને પછી એવાં કલાસિસ ધીકતા ધંધા સાથે કીડીયારાં જેમ ઊભરાવાં લાગે છે !

અને સાવ સામાન્ય નોકરી માટે અરજી કરનાર માસ્ટર ડીગ્રી ધારકોની સંખ્યા ઓછી હોતી નથી !

આજે શિક્ષણનો વ્યાપ વધ્યો છે.પણ જયારે વ્યાપ વધે ત્યારે ઊંડાણ ઘટે.સ્કીલ અને નોલેજ વચ્ચેનો ભેદ સમજવા જેવો છે.કોઈ ઈજનેરને પાનું પકડતા ન આવડે તેને શું કહીશું ને તેનું શું કરીશું ? શિક્ષિત બેકારીમાં અમુકતમુકનો ફાળો જરાય ઓછો નથી. ડીગ્રી, શિક્ષિત સાથે દીક્ષિત થવી જોઈએ.

પુત્રના લક્ષણ પારણામાંથી અને વહુનાં લક્ષણ બારણાથી પરખાઈ જાય તે કહેવત ખોટી પડી છે-હવે લક્ષણ પરિણામ પરથી પરખાય એવું કહેવું પડે ! પણ ત્રણ કલાકની પરીક્ષા સર્વોપરી નથી.વિદ્યાર્થિની સૂઝ,સમજ અને આવડતના આધારે કોર્ષ,કોલેજ,અભ્યાસ પસંદ કરવાનો સમય આપણા હાથમાં અને સાથ માં છે.મેડિકલમાંથી મુક્ત થઈ,પીટીસી કે અન્ય પ્રવાહમાં પરત થનારાઓની સંખ્યા ઓછી નથી.ક્યારેકતો વાલી જે નથી કરી શકયા,થઈ શક્યાતે પોતાના પાલ્ય પાસે,તેની મરજી વિરુદ્ધ પણ કરવાતા હોય છે. આજે ઈર્ષા, સ્પર્ધા, દેખાદેખી, હરીફાઈ, અદેખાઈ ને સરખામણી જાણે શિક્ષણે સમાજને બોણીમાં આપ્યા હોય !

આપણાં પુત્ર-પુત્રીને પારણામાંથી પારખીયે છીએ.તેની સૂઝ,સમજ,આવડત ને કૌશલ્ય મુજબ કોર્ષ પસંદ કરવામાં આવે.અને જે ભણે,કરે તે શ્રેષ્ઠ અને બેસ્ટ હોય.આ યુગ કોન્ટીટી નહી,ક્વોલિટીનો છે.તેમાં માત્ર પરીક્ષાનાં પરિણામનું પડીકું લઈ,દિશ વિહીન દોડવાનો કોઈ અર્થ નથી.પહેલા લક્ષ નક્કી કરવુંપડે !

**છેલ્લે :**

જેમને માત્ર સ્વપ્ન જોવાં હોય તેમને રાત સાવ ટૂંકી લાગે છે. પણ જેમને સ્વપ્ન ખરેખર સાકાર કરવાં હોય તેમને તો લાંબો દિવસ પણ ટૂંકો લાગે છે !

http://raghavjimadhad.blogspot.com

# કોરોના : મહામારી નહીં મહાપરિવર્તન છે



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

કોરોનાએ આ ચારેક મહિનામાં ત્રણ લાખથી વધુ માનવીઓને મૃત્યુ આપ્યું છે. અને હજીએ તેનો આ મૃત્યુનો મહાતાંડવ ચાલું જ છે. કેમ કે હવે તે પોતાના મૂળિયા આખી પૃથ્વી ઉપર જમાવી ચૂક્યો છે., એણે સમગ્ર માનવજાતને સાવ નિ:સહાય, મજબૂર અને તૂચ્છ બનાવી દીધી છે. જે આપણી માનવ જાત ઈશ્વરને પણ ચેલેન્જ કરતી હતી, પ્રકૃતિને તોડી ફોડીને પોતાની સુખ સુવિધા ને સમૃદ્ધિ વધારવા પ્રકૃતિ સામે પડકારો ફેંકતી હતી, તે જ માનવજાત આ સૂક્ષ્માતિસૂક્ષ્મ વિષાણુને જોઈ શકતી નથી કે મારી શકતી નથી. જેને મારવાની દવા શોધવા દુનિયાભરના શ્રેષ્ઠ વૈજ્ઞાનિકો દિવસ રાત એક કરી રહ્યા છે. અને આ બાજુ કોરોના પોતાનો કેર વર્તાવી રહ્યો છે...

આજે કોરોના પહેલાનું જીવન યાદ કરીશું તો હવે એ સ્વપ્ન સમાન લાગશે. એ બધા દિવસો ''સુખના સ્મરણો'' બની રહેશે, કેમ કે પ્રત્યેક માનવી મનુષ્યત્વની હદથી ક્યાંય દૂર નીકળી ગયો હતો. એ માણસ હતો પણ માણસાઈ ભૂલી ગયો હતો. બાહ્ય દેખાવે એ સજ્જન જરુર જણાતો હતો. પણ અંદરથી એનામાં સખત દૂર્જનત્વ ભરેલું હતું. અહીં સંસાર ઉપર સદભાવને બદલે સત્તાનું સામ્રાજ્ય સ્થાપિત થઈ ગયું હતું. દુનિયાનો સૌથી મોટો ડૉન, સૌથી મોટો તાકાતવર દેશ અમેરિકા આખી દુનિયાને ડરાવતો હતો, કોઈ પોતાની સૈન્યની તાકાતથી, કોઈ પોતાની વૈજ્ઞાનિક શોધોથી તો કોઈ પોતાની આર્થિક પ્રગતિ ને સમૃધિથી, તો કોઈ પોતાની મેડિકલ સુવિધાઓથી તો કોઈ ધાર્મિક કટ્ટરતાઓથી ગર્વ કરીને નબળા અને સીધા રસ્તે ચાલતા દેશોને પરેશાન કરીને પોતાનું પ્રભૂત્વ સ્થાપવા સતત મથતા હતા. વિશ્વમાં ચારેતરફ પાઉન્ડ, ડોલર, યુરો, ક્વાચા, યાન, દિનાર, રૂબલ, દાંગ, ક્રોન, ગુરાણી, ચીલી, રીયાલ, અને રૂપિયોથી સૌ દેશો પોતપોતાની તાકાત પ્રમાણે એકબીજાને ડરાવતા હતા. તો કોઈ પરમાણું હથિયાર, કોઈ મિસાઈલની ધમકીઓ પણ એકબીજાને આપી રહ્યા હતા. સૌ એમ માનતા કે પોતે જ અ દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે. બાકી બધા તૂચ્છ,. ભારતની વાત કરીએ તો અહીં પણ એ જ સત્તા, સંપતિ અને સમૃદ્ધિના અહંકારો, અને યુદ્ધો નજરે ચડતા હતા, કોઈ સત્તાના મદમાં મસ્ત હતા તો કોઈ સમૃદ્ધિની છોળો ઉડાડીને ગરીબોની હાય લેતું હતું. તો કોઈ સરકારી ઉચ્ચ હોદા પર બેસીને પ્રજાને ખુરશીની તાકાત બતાવી લૂંટી રહ્યા હતા. કોઈના સંતાનો વિદેશમાં હતા તો કોઈ જમીનો, બિલ્ડીગો, સોનું ખરીદીને પોતાની સમૃદ્ધિ વધારી રહ્યા હતા.

આ બધામાં આપણે બે ત્રણ બાબત સાવ ભૂલી ગયા હતા. એક તો પ્રકૃતિ, બીજી માનવતા અને ત્રીજી મૃત્યુ. આજસુધી આપણે એવું જ માનતા કે પ્રકૃતિનું સર્જન આપણે કર્યું છે અને આપણે આપણી સુવિધાઓ માટે એને ગમે તેમ કરી શકીએ છીએ, સવારે મંદિરમાં ઈશ્વરને પગે લાગીને પછી આખો દિવસ ઓફિસ ખોટું જ કામ કરવું, ભ્રષ્ટાચાર કરવો, પાપ કરવું, કોઈ ગરીબોની હાય લેવી. આ જ પ્રવૃત્તિ હતી આપણી સંપતિની વૃદ્ધિ માટે. વૃદ્ધ માતા પિતાને તરછોડવા, આજે ગામેગામ વૃદ્ધાશ્રમો – અનાથાશ્રમો ધમધમે છે. વૃક્ષો કાપી, જંગલો કાપી પર્વતો તોડી, નદીઓને રોકી, શહેરોનો વિકાસ કર્યો – વૃક્ષો ઉપર અને જંગલોમાં વસતા પશુ પંખીઓનો સહેજેય વિચાર ના કર્યો... પછી સૂનામી જ આવે ને ? ભૂકંપ જ આવે ને ? આકાશમાં, દરિયાના પાણીમાં અને હવામાં આપણે સતત કચરો જ ઠાલવ્યો છે. પ્રદૂષણ જ ફેલાવ્યું છે. જેટલું શક્ય હતું તેટલું નૂકશાન આપણે પ્રકૃતિને પહોંચાડ્યું છે. અને ઉપરથી પદ, પૈસો અને પ્રતિષ્ઠાને કારણે માનવીયતા પણ ગુમાવી ને આપણે મોબાઈલમાં જીવતા થઈ ગયા. ઘર, પરિવાર, સંબંધો, મિત્રો, પ્રેમ, લાગણી, સંવેદના બધુ જ ભૂલાઈ ગયું. આંતરિક ભાવો ભૂલાતા ગયા ને બાહ્ય અભાવો વધતા ગયા.

ત્રીજું પરિબળ મૃત્યુ... માણસ પૃથ્વી ઉપર એવી રીતે જીવવા લાગ્યો હતો કે જાણે તે અમર છે, તેને કદી મૃત્યુ આવવાનું જ નથી. અને પરિણામે જરૂરિયાત કરતા વધારે, અતિવધારે સંપતિ ભેગી કરવામાં આખી જિંદગી દાવ ઉપર લગાવીને વૃદ્ધાવસ્થા સુધી પહોંચી જાય છે તો ય ખબર પડતી નથી. જે ઉંમરે ઘરમાં પૌત્ર પૌત્રીઓને વાર્તાઓ કહેવાની હોય, સંસ્કાર આપવાના હોય રામાયણ મહાભારતની કથાઓ કહેવાની હોય એ ઉંમરે પણ માણસ માત્ર અને માત્ર સંપતિની દોડમાં લાગેલો હોય છે. શરીરમાં અનેક પ્રકારના રોગો ઘર કરી જાય છે. અને જે સંતાનો માટે સંપતિ ભેગી કરી હોય છે એ જ સંતાનો અંતિમ સમયે સેવા નથી કરતા ત્યારે સમય જતો રહ્યો હોય છે. અને સત્ય સમજાઈ ચૂક્યું હોય છે. આવી સ્થિતિમાં અચાનક કોઈ હોનારત આવે , ભૂકંપ આવે કે કોરોના આવે.... સ્નેહીજનો ગુમાવે કે સંપતિ ગુમાવે ત્યારે આંખ ખૂલે છે.

કોરોનાને કારણે ઈટલી, સ્પેન, અમેરિકામાં એવા કેટલાય પરિવારો મૃત્યુ પામ્યા છે કે જેમની પાસે અઢળક સંપતિ હતી. આજે તેમના પરિવારમાંથી કોઈ નથી બચ્યું. હવે આ સંપતિનું શું? આવી અનેક ઘટનાઓ જગતભરમાં બનવાથી માનવી એકદમ ક્ષુબ્ધ બની ગયો છે. ડરી પણ ગયો છે. આ ડરવું ખૂબ જરૂરી હતું. હું તો પહેલેથી જ કહેતો આવ્યો છું કે આ કોરોના એ ભલે ચીનનું ષડયંત્ર હોય પણ આ તો ય પ્રાકૃતિક પ્રકોપ જ છે. ચીન તો માત્ર નિમિત્ત બન્યું છે. કોરોના પહેલાની વિશ્વની સ્થિતિ ખૂબ જ વિકટ હતી. ત્રીજા વિશ્વ યુદ્ધના શંખ વાગી રહ્યા હતા. મોટાભાગના દેશોએ પોતપોતાના પરમાણું હથિયારો તૈયાર કરી દીધા હતા. અરે દુશ્મન દેશો સામે નિશાન પણ લેવાઈ ગયા હતા. અને પ્રકૃતિને મોકો મળી ગયો. કોરોના વાયરસનો. વળી આ વાયરસ એવો છે કે એ માત્ર ગરીબોને જ નહી. અમીરોને, શક્તિશાળી નેતાઓ સુધી પહોંચી ગયો છે. એણે મનુષ્યતામાં કોઈ ભેદ નથી કર્યો.

આ કોરોનાને કારણે વિશ્વભરમાં કેટલાક સત્યો પણ સામે આવી ગયા છે. સૌથી પહેલું સત્ય એ આવ્યું કે આ દુનિયામાં કોઈની પણ નોકરી કાયમી નથી. એ ગમે ત્યારે ગુમાવવી પડે છે. કે છોડવી પડે છે. આજે વિશ્વભરમાં કોરોનાને કારણે કરોડો લોકોની નોકરીઓ ગઈ છે. લાખો લોકોના ઉધોગ ધંધા ભાંગી પડ્યા છે. અને ભવિષ્યની સામે મોટો પ્રશ્નાર્થ છે.


બીજું સત્ય એ આવ્યું કે સમૃદ્ધિ કરતા સ્વાસ્થ્ય ખૂબ જરૂરી છે. આ કોરોનાથી તો રોજ ઓછા લોકો મૃત્યુ પામ્યા છે. પણ જેમને અગાઉથી જ શરીરમાં કોઈ મોટી બીમારી હતી અને કોરોના સામે તેમનું શરીર ટકી ના શક્યું, તેમના શરીરમાં અન્ય રોગો હોવાથી તેમની રોગ પ્રતિકારક શક્તિ પણ સાવ નબળી હોય એવા લોકોને જ કોરોના મારી શક્યો છે. આ માટે હવે આખું વિશ્વ સ્વાસ્થ્યની સંભાળ લેતું થઈ જશે. બહારનું ગમે તેવું ફાસ્ટ ફૂડ ખાવાનું બંધ કરવું પડશે. નિયમિત કસરત, યોગા પ્રાણાયામ જરૂરી બનશે, ઘરના બનાવાયેલા શુદ્ધ ભોજન ઉપર વિશેષ ભાર મૂકાશે.

ત્રીજું સત્ય એ સમજાયું કે આ કપરા સમયમાં પૈસા સિવાય કોઈ કોઈના કામમાં નથી આવ્યું. જેમની પાસે પૈસો હતો તેઓ ઘરમાં પણ આરામથી રહ્યા. બાકીનાઓ રસ્તા ઉપર, દુકાનોની લાઈનોમાં રહી રહીને કોરોનાગ્રસ્ત થયા છે. નોકરી ધંધો જવાથી, પૈસાના અભાવે હવે શું થશે ? ની ચિંતા કોરોનાથી કરતા વધારે ખતરનાક છે. કરોડો લોકો નોકરી ધંધા વિના હવે શું કરશે ? પૈસા વિના હવે શું કરશે ? અને જેમની પાસે પૈસો હતો તેઓ આરામથી આ ચાર છ મહિના કશી જ ચિંતા વિના લોકડાઉનમાં પણ જીવી શકશે. તેમની લાઈફસ્ટાઈલમાં કોઈ ફરક નહી પડે. આજે કોરોનાએ પૈસાની કિંમત સમજાવી દીધી છે. હવે સૌ કોઈને એક જ નોકરી કે ધંધો કરવાથી ચાલી શકે એમ નથી. જીવનમાં પૈસો કમાવવા માટે બીજું પણ કંઈક વિચારવું પડશે.

અને ચોથું સત્ય.. જીવનમાં પરિવારનું મૂલ્ય સમજાયું. દુનિયામાં એવા કેટલાય બાળકો હશે જેમણે એમના માતાપિતાની નોકરી ધંધાને કારણે એમની સાથે સરખી રીતે વાત પણ નહીં કરી હોય. એવા વૃદ્ધ માતાપિતા હશે કે જેમનો

અનુસંધાન પાના નં ૭ પર

# મેમે...મિમ્સ...મિમ : મજાક મજાકમાં જોરદાર વાત



**રજળપાટ**

અજય ઉપાધ્યાય

પીકચર-૧ : વિકી કૌશલનો ફોટો છે અને એની ઉપર એના જ એક સોંગની લાઈન્સ લખેલી છે ' મુઝસે જો નઝરે ચૂરાને લગે હો, લગતા હૈ કોઈ ઔર ગલી જાને લગે હો 'પપપ.!!!! પીકચર-૨ : દંગલ ફિલ્મનો આમિરખાનનો ફોટો છે જેને એ જ ફિલ્મનો સંવાદ બોલતો બ અતાવ્યો છે કે ' દિલ છોટા ના કર, નેશનલ લેવલ ચેમ્પિયન સે હારા હૈ તુ ''....!! પીકચર-૩ : એક ફોટામાં ગેંગ્સ ઓફ વસેપુરનો મનોજ બાજપાઈનો ફોટો છે અને એ એક છોકરીના ગાલ પકડીને કહી રહ્યો છે કે ' કાંપ કાહે રહી હૈ તુ ''...!!! લોકડાઉનમાં જ્યારે દૂરદર્શન પર રામાયણ અને મહાભારતનું પુન:પ્રસારણ શરૂ થયું અને શરૂ થતાંવેંત જ સુપરહિટ સાબિત થયું ત્યારે એમેઝોન, નેટફ્લિક્સ કે પ્રાઈવેટ ચેનલ્સના રેટિંગ ઘટી ગયેલા ત્યારે સોશિયલ સાઈટ્સ પર દૂરદર્શન અને આ ઓનલાઈન સ્ટ્રીમિંગ કે પ્રાઈવેટ ચેનલ્સ માટે જે મજાકો શરૂ થયેલી એના ઉપર નમૂના મૂક્યા છે. આવી મજાકો કે જે રિયલ રેફરન્સ સાથે કે કોઈ ને કોઈ વાત ને કોઈ વાત સાથે કનેક્ટ કરીને કરાય છે એને સોશિયલ સાઈટ્સની ભાષામાં – ઈન્ટરનેટની લેંગ્વેજમાં કહેવાય છે ' મેમે '....' મિમ્સ 'પ.' મિમ '...!!!! વિકી કૌશલવાળો મેમે ઓનલાઈન સ્ટ્રીમિંગ સાઈટ્સ દૂરદર્શન તરફ જતાં દર્શકોને કહે છે તો આમિરવાળો મેમે દૂરદર્શન ઓનલાઈન સ્ટ્રીમિંગને કહે છે તો મનોજવાળો મેમે પણ દૂરદર્શન દ્વારા નેટફ્લિક્સ ની મજાકરૂપે જ સોશિયલ મીડિયામાં તરતો મુકાયેલો....!!!!

ઉપર નમૂના આપ્યા એ તો થોડા જૂના છે પણ હકીકત એ છે કે કોઈ પણ ઘટના, વ્યક્તિ કે કોઈપણ આઈ મીન કોઈપણ કે કશાપણ ઉપર આ મેમે બની જ જાય અને માંડે વાઈરલ થવા પણ...!!! લોકડાઉનમાં તો કોરોના અને લોકડાઉનના હજારો નહીં પણ લાખો મેમે ઈન્ટરનેટ પર ફરતા થયેલા અને હજુ પણ ફરે જ છે, ઈનફેક્ટ કોરોના ઉપરના ઘણા મેમે તો એટલા જોરદાર બનેલા કે જો કોરોના એને જોઈ જાય તો એ પણ ઊભી પૂછડીએ ભાગી જાય...!!!!! ખરેખર આમ જોવા જાવ તો આ મેમે કે મિમ્સ ભલે મજાક માટે બનાવતા હોય કે બનતા હોય પણ મોટાભાગે એ મજાકમાં જે મેસેજ હોય છે એ સચોટ હોય છે. કહેવાય છે ને કે એક તસવીર સો શબ્દોની ગરજ સારે છે બસ કાઈક એવું જ મેમે માટે પણ કહી શકાય અને અહિયાં તો તસ્વીરની સાથે સાથે સચોટ શબ્દો પણ હોય જ છે અને કદાચ એટ્લે જ જાતજાતના, ભાતભાતના અને વિવિધ વિવિધ વિષયો – વ્યક્તિઓ-બયાનો પરના મેમે રાતોરાત લોકપ્રિય થાય છે. સોશિયલ સાઈટ્સ પર ફ્ક્ત રમૂજી મેમે જ નહીં પણ કરૂણ, રાજકીય, ફિલ્મી, ઈનસ્પિરેશનલ મેમે પણ ઉપલબ્ધ થયા જ કરે છે. મોટાભાગે ફેસબુક, ટ્વિટર, ઈનસ્ટા કે બીજી સાઈટ્સ કે બ્લોગ પર લાઈક – કોમેન્ટ ની સંખ્યા વધારવાનો અને ફોલોવર્સ વધારવાનો આ એકદમ આસાન ઉપાય છે. આ બધાની સાથેસાથે આ મિમ્સ જબરદસ્ત મનોરંજન પણ પૂરું પાડે જ છે. હસતાં હસાવતા ઘણીવાર એકદમ કડવી વાત કે કોઈના પર ધારદાર કટાક્ષ કરવા માટેનું આ બેસ્ટ અને ઈઝીલી અવેલેબલ હથિયાર છે અને ઈન્ટરનેટ પર આનો અસરકારક અને ઘણા કિસ્સામાં બેફામ ઉપયોગ થાય જ છે અને થતો રહેવાનો પણ છે જ. મોદી હોય કે મમતા, સલમાન હોય કે શાહરુખ, કોહલી હોય કે કેન વિલિયમસન્સ, ચેતન ભગત હોય કે અર્નબ....કોઈપણ આ મેમે ના વાર થી બચી શક્યા નથી કે કોઈપણ આ મેમે ના વારથી બચી શકવાના પણ નથી....અને આ તો વૈશ્વિક મજાક છે, ચલતી રહેગી !!!!

તમને એમ થશે કે આ મેમેનું સામ્રાજ્ય હમણાંનું યાની કી ૫-૭ વર્ષનું જ હશે તો એવું બિલકુલ છે નહીં. હા એ અલગ વાત છે કે સોશિયલ મીડિયાનો વ્યાપ છેલ્લા દસેક વર્ષોમાં વધુ વધ્યો છે એટ્લે મને ને તમને એવું લાગે પણ ખરેખર એવું છે નહીં. સાલ ૧૯૯૦માં યુઝનેટ પર આ કોન્સેપ્ટને શેર કરવામાં આવેલો ઓબવિયસલી ત્યારે ફેસબુક કે વોટસપ જેવા અત્યારના સુપર સ્પ્રેડર ઓનલાઈન પ્લેટફોર્મ હતા નહીં એટ્લે મોટેભાગે આ મેમે ઈમેઈલ અને મેસેજબોર્ડ કે વર્કગ્રૂપમાં શેર થતાં. ૨૦૦૫માં યુટ્યુબ લોન્ચ થતાં એના પર ' રિકોલિંગ મેમે ' નામે એક મેમે વિડીયો અપલોડ થયેલો અને જબરદસ્ત હિટ થયેલો ત્યારથી મેમે ઈન્ટરનેટ પર પ્રચલિત થવાના શરૂ થયા એમ કહી શકાય જો કે ચોક્કસ ઈતિહાસ તો નથી મળતો પણ યાદ છે એક ડાંસિંગ બેબી કે જે ' બેબી ચા-ચા ' ના નામે પણ ઓળખાતી જે સ્પેનિશ ધૂન પર ગોળ ગોળ કે એમ જ નાચતી રહેતી એ ઈન્ટરનેટ પર વાઈરલ થનાર ફર્સ્ટ મેમે હતી એમ કહી શકાય. યાદ હોય તો જુદા જુદા પ્રકારે ગોળગોળ ફરતી આ ડાંસિંગ બેબી ઈમેલ ના અંતમાં જોવા મળતી.

મીમ અથવા મેમે એ પ્રાચીન યુનાની શબ્દ ' મિમેમા' નું શોર્ટફોર્મ છે જેનો અર્થ થાય છે ' નકલ કરવી કે નકલ ઉતારવી ' ઈન શોર્ટ મજાક કરવી કોઈની પણ !!! જો કે શરૂઆતમાં માત્ર ઈમેજમાં જ કેદ થઈ ગયેલ મેમે હવે તો વિડીયોરૂપે પણ ધૂમ મચાવે છે અને વૈહ્ન તો છે જ. યાદ છે ને ટ્રમ્પની ભારત મુલાકાત વખતે વાઈરલ થયેલ બાહુબલી સ્ટાઈલ વિડીયો મેમે કે જેને તો ખુદ ટ્રમ્પે પણ શેર કરેલો...!!!! હવે તો ઈન્ટરનેટ પર તમને મેમે બનાવવામાં મદદ કરતી અનેકો વેબસાઈટ અને મોબાઈલના એપ્લીકેશન સ્ટોર્સમાં અનેકો એપ્સ પણ છે જ જ્યાં જઈને તમે તમારી ક્રિએટિવિટી મુજબ મેમે બનાવી શકો છો અને બિન્દાસ ઈન્ટરનેટ પર વહેતા મૂકી શકો છો. ઘણીવાર કંપનીઓની હરિફાઈઓ પણ મેમે બનાવવા માટે એક કારણ બની રહે છે. ઉબર ઈટ્સ અને ઝોમેટો ની ટાઈઆપ થઈ ત્યારે સ્વીગી જેવી કંપનીઓએ ચર્ચામાં રહેવા પ્રોફેશનલ મેમે ક્રિએટર પાસે લાખો રૂપિયા આપીને મિમ્સ બનાવડાવેલા. ઈન્સ્ટાગ્રામ, ફેસબુક કે બીજે ચર્ચામાં રહેવા ખુદ કંપની પોતે જ મેમે બનાવડાવીને ઈન્ટરનેટ પર મુકાવે એ ટ્રેન્ડ આજકાલનો લેટેસ્ટ માર્કેટિંગ ટ્રેન્ડ છે એટ્લે ઘણીવાર ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પર કોઈ એક ડીલ-ટોપીક-કંપનીના મેમે વારંવાર આવ્યા કરે તો બની શકે કે એ એક માર્કેટિંગ ટ્રીક પણ હોય શકે છે અને એટ્લે તો ઈન્ટરનેટ પર સ્પેશિયલ મેમે પેઈજ કે પ્રોફાઈલ અઢળક છે !!!! એ પેઈજ ના માલિકોને ફોલોવર કે મેમ્બરની સંખ્યાના હિસાબે એક મેમે પેઈજ પર મૂકવાના ૧૦૦૦-૩૦૦૦ જેટલા રૂપિયા ચૂકવાય છે એટલું જ નહિ પણ ટીકટોક પર આવા પ્રોફાઈલની પહોંચ અને ફોલોવર્સના હિસાબે ૫૦૦૦ થી ૩ લાખ સુધીનો ચાર્જ ચૂકવાય છે !!!! પહેલા આવા પેજો કે પ્રોફાઈલો ગૂગલની એડ ની આવક પર જીવતા હતા પણ હવે મેમ્સના વ્યાપક ફેલાવાને લીધે કરોડો કમાઈ લે છે. મિમ્સનો ફાયદો જ એ છે કે લાંબી વાત ટૂંકમાં જોનારને સમજાઈ જાય. ૨૦૧૯ની લોકસભા ચુંટણીમાં નવા મતદારો સુધી પોતાની વાત પહોચડવા ભાજપ દ્વારા મિમ્સનો સચોટ ઉપયોગ થયેલો, આમ તો મિમ્સ કે મેમેને હલકામાં અને હળવાશથી જ લેવાય છે પણ ઘણીવાર કોઈ મેમે શેર કરવા કે વહેતા મૂકવાને લીધે મુશ્કેલીમાં પણ મુકાઈ જતાં હોય છે, બાકી નેતા હોય કે અભિનેતા કે કોઈ બીજી સેલેબ્રિટી લગભગ તો પોતા પર વહેતા થયેલા આ મિમ્સને હસવામાં જ લઈ લે છે.....જોનારે પણ એમ જ લેવા....!!!!